# ગુજરાલ ઓનલાઈન ફ્રોડઃ
## ‘કૂલિંગ ઓફ પિરિયડ’ વધારવાની જરૂરિયાત

દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દર કુમાર ગુજરાલનું કુટુંબ ભારતીય રાજનીતિમાં ખૂબ પ્રતિષ્ઠિત ગણાતું આવ્યું છે. વડા પ્રધાન બન્યા તે અગાઉ એ વિદેશોમાં ભારતના ડિપ્લોમેટ હતા અને તે અગાઉ સ્વતંત્રતા સેનાની હતા. એમના માતા-પિતા, ભાઈ-બહેનો, સંતાનો અને પૌત્ર પૌત્રીઓ વગેરે રાજનીતિ, ન્યાય, વહીવટ અને કલાક્ષેત્રમાં આગળ હતા અથવા છે.

આઈ. કે. ગુજરાલનાં પત્ની શીલા ગુજરાલ જાણીતા કવિયત્રી હતાં. પુત્ર નરેશ ગુજરાલ શિરોમણિ અકાલી દળના રાજ્યસભાના સાંસદ હતા અને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનું ભણ્યા છે. એમનાં પત્ની અંજલિ ગુજરાલ થકી તેમને બે પુત્રીઓ છે. આ કુટુંબ ભાગલા બાદ પાકિસ્તાનથી ભારતમાં આવીને સ્થાયી થયું હતું. નરેશ ગુજરાલના કહેવા પ્રમાણે એમની પાસે

ખાસ કંઈ કરવા જેવું ન હતું એ ત્યારે એમણે સ્પાન ટેક્સટાઈલ નામક કંપની શરૂ કરી હતી.


આ નરેશ ગુજરાલ હમણાં સાઈબર ઠગાઈનો ભોગ બની ગયા. ગુજરાલ કુટુંબ સત્તા અને નાણાંનો ભ્રષ્ટાચાર પ્રકારના આક્ષેપોથી દૂર રહ્યું છે. આઈ કે ગુજરાલ સાહેબે વડા પ્રધાન બનવા માટે કોઈ કાવા દાવા કર્યા ન હતા. એ પદ એમને અચાનક મળ્યું હતું અને આજના સમયમાં અગ્રગણ્ય કુટુંબો પાસે આઠેક કરોડ કે તેથી વધુ રકમ હોય તો તે ભ્રષ્ટાચારની વાત નથી હોતી અને નવાઈની વાત નથી હોતી, પણ હમણાં ૭૮ વરસના નરેશ ગુજરાલ સાહેબને સાઈબર ઠગો ઠગી ગયા છે, જો કે સમયસરના ઉપાયોને કારણે બધી, સાત કરોડ એંસી લાખની રકમ જતી નથી રહી, પરંતુ તેમાંથી સારી એવી રકમ બચી ગઈ છે, તેમ નરેશ ગુજરાલ કહે છે. તો પણ આ ઘટના વ્યવસ્થા માટે કેટલાક મહત્વનાં સવાલો પેદા કરે છે.

પ્રથમ શું થયું તે સંક્ષિપ્તમાં જોઈએ. ગુજરાલ સાહેબે, સ્વાભાવિક રીતે જ, નાણાંની લેતી-દેતીનું કામ એમની કંપનીના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસરને સોંપી રાખ્યું હતું. કંપનીના અનેક બેંક એકાઉન્ટસનો વહીવટ એ ઓફિસર સંભાળે છે. ગઈ બારથી સોળ જૂન દરમિયાન એ ઓફિસરને સાઈબર ગઠિયાઓએ છેતર્યા હતા. એક ઓનલાઈન મેસેજિંગ પ્લેટફોર્મ પર ડિજિટલ ગઠિયાઓએ નરેશ ગુજરાલનું ડિસ્પ્લે પિક્ચર સાથેનું ખાતું શરૂ કર્યું અને એ ખાતામાંથી ગઠિયાઓએ ચીફ ઓફિસરને સૂચનાઓ મોકલવા માંડી. કહે છે કે ઓનલાઈન પ્લેટફોર્મ પર નરેશ ગુજરાલની તસવીર જોઈને એ ઓફિસર સમજવા માંડ્યા કે ખુદ નરેશ ગુજરાલ સૂચનાઓ આપી રહ્યા છે. વાસ્તવમાં એ ધૂતારાઓ સૂચના આપી રહ્યા હતા.

ચાર દિવસ દરમિયાન સૂચનાઓ આપીને આર.ટી.જી.એસ.ના માધ્યમથી જુદા જુદા બેન્ક એકાઉન્ટસમાં રકમ ટ્રાન્સફર કરવાની સૂચનાઓ આપવામાં આવી. બિઝનેસના કામ માટે રકમ ટ્રાન્સફર કરવી જરૂરી છે તેમ કહેવામાં આવ્યું. આ સૂચનાઓ સાચી માનીને કર્મચારીએ એ રકમ, એક પછી એક વહેવારો દ્વારા ચાર દિવસમાં ટ્રાન્સફર કરી.

ષડયંત્ર વચ્ચેથી પકડાઈ ગયું કે હજી ચાલુ રહેવાનું હતું તે કહી શકાય નહીં, પરંતુ પકડાયું ત્યાં





એક ઓનલાઇન મેસેજિંગ પ્લેટફોર્મ પર ડિજિટલ ગઠિયાઓએ નરેશ ગુજરાલનું ડિસ્પ્લે પિક્ચર સાથેનું ખાતું શરૂ કર્યું અને એ ખાતામાંથી ગઠિયાઓએ ચીફ ઓફિસરને સૂચનાઓ મોકલવા માંડી

સુધીમાં સાત કરોડ એંસી લાખ રૂપિયા ઉપડી ચૂક્યા હતા. પુત્રીના ધ્યાન પર આ વહેવારો આવ્યા ત્યારે નરેશના પિતા ગુજરાલને જાણ થઈ.

આ ઘટનાના ખાસ સંદર્ભમાં જોઈએ તો કંપનીમાં કોઈક જાણતું હતું કે નરેશ ગુજરાલ એમના ચીફ ફિનાન્સિયલ ઓફિસરને મેસેજિંગ પ્લેટફોર્મ ઉપર સૂચનાઓ આપતા હતા અને તે પ્રમાણે ઓફિસર રકમ ટ્રાન્સફર કરતા હતા. જે બેન્ક એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર કરવાની હોય તેના આંકડા સોળ હોય. તેમાં મોઢે બોલીને લખાવવાથી ભૂલ થવાની સંભવ રહે એટલે શક્ય છે કે તે નંબર મેસેજિંગ એપ થકી મોકલવામાં આવ્યા હોય. બેન્ક એકાઉન્ટ્સની સંખ્યા વધુ હોય તો તે પ્રમાણે આંકડાઓ પણ વધે.

**કબીરા ખડા બજાર મેં**
વિન્સી મરચન્ટ

પ્રથમ તો એ નક્કી કરવું પડે કે નરેશ ગુજરાલની વહેવાર કરવાની આ જૂની રીત હતી કે આ કિસ્સામાં સાવ પ્રથમ વખત અજમાવવામાં આવી હતી? ભૂતકાળમાં આ રીતે મોટા વ્યવહારો થતા રહ્યા હોય તો ઓફિસરને દોષી ઠેરવી ન શકાય. જો સાવ પ્રથમ વખત આ બન્યું હોય તો ઓફિસર પણ શંકાના દાયરામાં આવી શકે. માત્ર મેસેજિંગ પ્લેટફોર્મ પર મેસેજ મોકલવાથી જ આવડી મોટી રકમ ટ્રાન્સફર કરી નાખી? એક ફોન કરીને નરેશ ગુજરાલને પૂછીને ખાતરી ન કરી લેવાય? જો તેમ નહીં કરવાની નરેશ ગુજરાલે કર્મચારીઓને છૂટ આપી રાખી હોય તો તેમાં ગુજરાલની ભૂલ છે. આ ઘટના દરેક વેપારીઓ, પૈસા ટ્રાન્સફર કરતા લોકો માટે એક ઘંટડી સમાન છે. જો એવી છૂટ અપાઈ ન હતી તો કર્મચારીઓના ઈરાદાઓ વિશે સવાલો ઉઠાવી શકાય.

રૂપિયા આઠ કરોડ કંઈ નાની રકમ નથી. ચાર દિવસમાં ચાર વ્યવહારો થયા અને ચીફ ફાઈનાન્સિયલ ઓફિસરને એ રકમનું મહત્વ ન સમજાયું તે આશ્ચર્યજનક છે. આપણે નથી કહેતા કે ઓફિસરના ઈરાદા ખરાબ હતા. પરંતુ ફોન કરીને શેઠને જણાવવું જોઈએ કે આટલી રકમ ટ્રાન્સફર કરી છે. કાં પછી કંપની પાસે અઢળક પૈસો હશે એટલે આવા વહેવારો રોજબરોજના હશે. પરંતુ તેમ પણ લાગતું નથી. જો એમ જ હોય તો ગુજરાલ-પુત્રીએ વહેવારોને ગંભીરતાથી લીધા તેમ

લીધા ન હોત. એણે તત્કાળ પિતાને જાણ કરી પગલાં લીધાં. ૧૯ જુનના રોજ પોલીસમાં એફઆઈઆર નોંધાવવામાં આવી. તપાસમાં જણાયું કે અત્યાર સુધીમાં છેતરપિંડીની કુલ રકમ સાત કરોડ અડસઠ લાખ રૂપિયામાં ચાર કરોડ અઠ્ઠાવન લાખ જુદી જુદી બેન્કોના એકાઉન્ટ્સમાં હોલ્ડ રાખવામાં આવી છે. જે ખાતાઓમાં ટ્રાન્સફર કરવાની હતી તેમાં કરાઈ ન હતી. વહેવાર એક ઠગાઈનું પરિણામ હોઈ શકે તેમ માનીને બેન્કો જલ્દી રકમ ચૂકવી દેતી નથી.

જે રકમ ઉપડી ગઈ તેમાંથી અનુક્રમે એક કરોડ અને બે કરોડ રૂપિયા જેટલી રકમ મહારાષ્ટ્ર અને આન્ધ્રના બે ખાતાઓમાં ટ્રાન્સફર કરાઈ હતી અને ત્યારબાદ એ બે ખાતાઓમાંથી ત્રીસથી ચાલીસ જેટલાં અને તેમાં ફરી પાછા તેમાના એક એક ખાતામાંથી અનેક ખાતાઓમાંથી પ્રમાણમાં નાની નાની રકમો ટ્રાન્સફર કરાઈ હતી. આ બધા મ્યુલ એટલે કે બીજોનો ભાર ઉપાડતા ખચ્ચર એકાઉન્ટ્સ હોય છે.


લોકો પોતાના નામે બેન્ક એકાઉન્ટ્સ ખોલાવીને આવા ગઠિયાઓને તે ભાડે આપે છે. ઘર સંસાર ચલાવવા માટે ઝઝૂમતા લોકોને આવી ગેરકાયદે અને નાની રકમ મળી જાય તો તેઓ ખુશી અનુભવે છે.

...અનુસંધાન પાના નં. 7 પર

# ટીવી ચેનલે ફટકારી દીધા બ્રેકિંગ ન્યુઝ
## ‘ગુજરાત કે આહવા પે આતંક કા સાયા’

ટીવી ચેનલે ફટકારી દીધા બ્રેકિંગ ન્યુઝ ‘ગુજરાત કે આહવા પે આતંક કા સાયા’

ડાંગ દરબાર માટે દર વર્ષની માફક સવારથી ઉત્સાહ અને તૈયારી દેખાતા હતા. છ વાગ્યાથી જ વિવિધ ગામોમાંથી લોકો આહવા તરફ જતા હતા. મહિલાઓ રંગબેરંગી ઘાઘરા-ચોળીમાં શોભતી હતી, તો પુરુષો પરંપરાગત વેશ સાથે ગુગ પહેર્યા હતા. આદિવાસી રહેવાસીઓનો મોટો સમૂહ આ તહેવાર ઉજવે છે. આમાં ભાગ લેવા પુરુષો આંખને આંજી નાંખે એવા ચમકદાર ગુગ એટલે કે શરીર ચમકદાર શણગાર કે આભૂષણ પહેર્યા હતા. ડાંગના આદિવાસી પુરુષો ઉજવણી વખતે પરંપરાગત વેશભૂષા ધારણ કરે, તેમાં ચમકદાર મણકા, કાચના ટુકડા, ધાતુ અથવા સિક્કાવાળા આભૂષણો હોય. તેમના શરીર, માથા અથવા છાતી પર પહેરાતી ઝગમગતી સજાવટમાં પટ્ટા, હાર અથવા પટ્ટી જેવા આભૂષણોથ હતા જેને સ્થાનિક ભાષામાં ગુગ કહેવાય છે.




આ ચમકદાર ઉત્સવને સમાંતર એક ભયંકર, લોહિયાળ અને જીવલેણ શક્યતાના જોખમને ટાળવા માટે એક હવાલદારને પોલીસ જીપ ચલાવવાનું કહીને ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી પાછળ ચંદુ અને મજીદ સાથે બેસી ગયા. બન્નેને ઠંડા પાણીની બોટલ આપી. ‘આગળ નાસ્તો સારો મળશે. રોકાવું ગાડી?’ મજીદે બહાર જોતા-જોતા અપમાનજનક ટોનમાં નકારમાં જવાબ આપ્યો. ચંદુએ મામલો સંભાળી લીધો. ‘સર, પહેલા અમારા યુનિટને મળવું જરૂરી છે. અમારા વગર કામ અટકવું ન જોઈએ.’

**ક્રાઈમ કોડ**
પ્રફુલ શાહ

વેરી ગુડ. ક્યા ઉતર્યુ છે તમારું યુનિટ?

ચંદુ મોબાઈલ ફોન ખોલીને એડ્રેસ બોલ્યો.

નિરવ ત્રિવેદીએ થોડું વિચાર્યુ. ‘હજી ત્યાં જ હશે ખરા?’

ચંદુ પહેલા મજીદે મોઢું ખોલ્યું, ‘શાયદ કામ પે બી નીકલ ગએ હો’

આ સાંભળતાવેંત નિરવ સ્તબ્ધ થઈ ગયો. કામ એટલે? ઓહ માય ગૉડ! એવી જ હાલત નિરવના ફોન થકી આ વાતચીત સાંભળતા એસ. પી.સુરેન્દ્ર પુષ્કર્ણાની થઈ.

**(અતા-પતા-લાપતા -7)**

ચંદુએ મજીદની વાતમાં ટાપસી પુરાવી, ‘એવું જ લાગે છે. ફોન ઉપાડતા નથી’.

પુષ્કર્ણાની જેમ નિરવ પણ ગભરાઈ ગયા. નિરવ ત્રિવેદી હતાશામાં બબડ્યા, ‘ઓહ તો તેમને મળવાનું એકદમ ઈમ્પોસિબલ. કરો આરામ.’

ચંદુને અકળામણ થઈ કે તો અમારા બન્ને વગર કૃતિબહેનનો પ્લાન કેવી રીતે આગળ વધશે? તેણે ચિંતાના સુરમાં પૂછ્યું ‘શું ઈમ્પોસિબલ છે સર?’

‘અરે ભાઈ, આ ડાંગ દરબારમાં ભારે ભીડ હોય. એ બન્ને કેવી રીતે મળવાના?’

‘ઓહ’ બોલીને ચંદુનએ બેઉ હાથ માથા પર મુકી દીધા.

મજીદે નિરવ ત્રિવેદી સામે જોયું. ‘ચંદુ ટેન્શન મત લે રે બાબા. સર હય ના અપુન કે સાથ.. કુછ ન કુછ રાસ્તા નિકાલી ચ લેંગે.. સર વો ક્યા હય અપુન લોગ કે બગૈર પુરા પરોગરામ ચ ફેલ હો જાયેંગા...કુછ રાસ્તા સોચો ના.’

નિરવે હસીને સામે જોયું. ‘તમારી પ્રોગ્રામ માટેની સિન્સિયારીટી જોઈને કઈક કરવું પડશે. પણ કરવું શું? હમમ... યુનિટવાળાના નામ, ફોન નંબર ને ફોટા હોય તો આપો’. પછી જીપ ચલાવતા ડ્રાઈવરનો ફોન લઈને

...અનુસંધાન પાના નં. 7 પર

## ત્રિવેદીના હાથમાં એક મુશ્કેલ અને નાજુક કાર્ય છે

બાંગ્લાદેશમાં નવા નિયુક્ત હાઈ કમિશનર દિનેશભાઈ ત્રિવેદીએ બેનાપોલ-પેટ્રાપોલ ખાતે જમીન સરહદ પાર કરતાની સાથે જ તેમની પહેલી ટિપ્પણીથી તે દેશના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી દીધી. બાંગ્લાદેશના મુખ્ય વિરોધ પક્ષ જમાત-એ-ઈસ્લામીએ તેમની ટિપ્પણીની નિંદા કરી કે બંને રાષ્ટ્રો એક થવા જોઈએ અને તારિક રહેમાન સરકાર પાસે તેમના કહેવાનો અર્થ શું છે તે અંગે સ્પષ્ટતા માંગી. આ શબ્દોની દુર્ભાગ્યપૂર્ણ પસંદગી હતી. ત્રિવેદી ભાઈચારો અને બહેનોની એકતા વ્યક્ત



કરવા માંગતા હતા અને બંને દેશો વચ્ચેના સામાન્ય સાંસ્કૃતિક સંબંધો પર ભાર મૂકવા માંગતા હતા. તેમણે કહ્યું કે જો તેઓ સાથે મળીને કામ કરે, તો ભારત અને બાંગ્લાદેશ એક શક્તિશાળી બની શકે છે અને એક અગ્રણી વૈશ્વિક ખેલાડી બની શકે છે. જોકે, આરએસએસ દ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારતના પ્રાચીન અખંડ ભારતને એક રાષ્ટ્ર તરીકે ફરીથી બનાવવાની વારંવારની મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને, ત્રિવેદી પીંછાં ફફડાટમાં મુકાયા. સ્વાભાવિક છે કે, બાંગ્લાદેશના વિરોધી પક્ષો ઢાકા અને નવી દિલ્હી વચ્ચે ફાટ નાખવા અને સંબંધોને સામાન્ય બનાવવાથી રોકવાની કોઈ તક ગુમાવશે નહીં. ત્રિવેદી મોદી સરકારના વિદેશી રાજદૂત તરીકે નિયુક્ત થયેલા પ્રથમ રાજકીય વ્યક્તિ છે. ભવિષ્યમાં ભાજપ સાથેના તેમના સંબંધોને કારણે તેમણે પોતાના શબ્દો વધુ કાળજીપૂર્વક પસંદ કરવા પડશે. તેઓ નિયમિત વિદેશ સેવા અધિકારી નથી. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો હાલમાં નાજુક છે કારણ કે બંને સરકારો ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી પછી થયેલા નુકસાનને સુધારવા માંગે છે, જેમને નવી દિલ્હીની ખૂબ નજીક માનવામાં આવતી હતી.

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

## કોઈએ દુભાષિયાને કહ્યું કેમ નહીં?

ફ્રાન્સમાં G-7 સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મળ્યા ત્યારે ઘણી વિચિત્ર ક્ષણો આવી. આ ક્ષણો એટલા માટે ઉદ્ભવી કારણ કે મોદી ટ્રમ્પને સંબોધવાની રીત અને તેમના સત્તાવાર દુભાષિયા જે કહે છે તેમાં નોંધપાત્ર તફાવત હતો. મોદી વારંવાર ટ્રમ્પને ‘મહાન’ કહેતા હતા. આ જાહેર સભાઓમાં સરકારના વડાઓ અને રાષ્ટ્રના વડાઓ




માટે વપરાતું ઔપચારિક સંબોધન છે. જોકે, દુભાષિયા ‘મહાન’ ને બદલે ‘શ્રી રાષ્ટ્રપતિ સર’ વાક્યનો ઉપયોગ કરતા રહ્યા. દુભાષિયાની વાક્યશૈલી સામાન્ય રીતે મોદી અને ટ્રમ્પ જેવી દ્વિપક્ષીય બેઠકોમાં વપરાય છે. જો ટ્રમ્પને આ તફાવત અસામાન્ય લાગ્યો, તો તેમણે કોઈ સંકેત આપ્યો નહીં. કે મોદીએ પણ નહીં. પરંતુ રાજદ્વારી નિરીક્ષકોએ નોંધ લીધી અને સોશિયલ મીડિયા પર પણ ટિપ્પણી કરી. દેખીતી રીતે, મોદીએ જાણી જોઈને ‘મહાન’ શબ્દનો ઉપયોગ કર્યો કારણ કે તેમને સલાહ આપવામાં આવી હતી કે ટ્રમ્પને આ રીતે સંબોધવામાં આવે તે પસંદ છે.

## સેલિબ્રિટીઓ મિયાઝાકી માનોગને સ્ટેટસ સિમ્બોલ તરીકે વધુ ખરીદે છે.

જાપાને તાજેતરમાં ભારતીય કેરીના નિકાસ કન્સાઇન્મેન્ટને પાછું ખેંચી દીધું છે કારણ કે ફળ ઉગાડવા અને પાકવા માટે ઉપયોગમાં લેવાતા પ્રતિબંધિત જંતુનાશકો અને રસાયણોનું પ્રમાણ વધુ હતું.જોકે, કેરીની વાર્તામાં એક વિચિત્ર બાજુ છે. જાપાન મોટા પ્રમાણમાં ભારતીય કેરીની આયાત



કરે છે કારણ કે તે તે દેશમાં ખૂબ જ લોકપ્રિય છે. અને જાપાનીઓના કેરી પ્રત્યેના પ્રેમને કારણે, તે દેશના એક સાહસિક ખેડૂતે એક દુર્લભ સ્વદેશી કેરી વિકસાવી છે જેનું નામ તેણે મિયાઝાકી રાખ્યું છે.આપણી ભારતીય કેરીઓથી વિપરીત, આ જાપાની કેરી સંપૂર્ણપણે લાલ રંગની છે અને તે અપવાદરૂપે મીઠી અને રસદાર હોવાનું કહેવાય છે.રસપ્રદ વાત એ છે કે, જબલપુરના એક ખેડૂતે કેટલાક રોપાઓ આયાત કર્યા હતા અને હવે ભારતમાં મિયાકી કેરી ઉગાડી રહ્યા છે. તેઓ અહીં ડિઝાઇનર કેરી તરીકે જાણીતા છે અને 15,000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. સોશિયલ મીડિયા પર, આ કેરીઓની જાહેરાત 2.5 લાખ રૂપિયાની કેરી તરીકે કરવામાં આવે છે. જોકે, જબલપુરના ખેડૂતને હજુ સુધી તેના પાક માટે તે ભાવ મળ્યો નથી. ભારતમાં કેરીના ચાહકોમાં વ્યાપક પ્રતિસાદ એ છે કે હિમસાગર, લંગડા અને ચૌસા જેવી જાતો સ્વાદ અને મીઠાશમાં ઘણી શ્રેષ્ઠ છે. જોકે, સેલિબ્રિટીઓ ઉનાળાના ફળ કરતાં મિયાઝાકી માનોગને સ્ટેટસ સિમ્બોલ તરીકે વધુ ખરીદે છે.

**સટ્ટાક** — કમલ

